અપીલ અરજી નં.૧૦ તા.૮–૪–૧૦/૧૧

અરજદારઃ– શ્રી ભૂપેન્દ્રભાઈ છગનલાલ પટેલ

સામાવાળાઃ– ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ મહેકમ)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ શ્રી ભૂપેન્દ્રભાઈ છગનલાલ પટેલની તા.૧૮–૨–૧૦ ની અરજીથી શ્રી પરિમલરાય આર. નાયક જેઓ તેમના પિતાશ્રીના મૃત્યુ બાદ આશ્રિત તરીકે નોકરી સુરત મહાનગરપાલિકામાં મળેલ હતી તે અંગે તેમના કયા વર્ષમાં અને કયા કારણસર નોકરી આપવામાં આવેલ હતી તેની વિગત. તેઓ ઉધનાઝોનમાં નોકરી કરે છે તેમના પિતાની મરણ તારીખ નિરંજન આર. નાયક કર્મ નં.૧૨૨૩૭ લીંબાયતઝોન કયા વર્ષમાં કયારે નોકરી લાગી તે અંગેની વિગત આપવા બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની તા.૮–૪–૧૦ ની **SMC/FAP/** નં.૧૦/૨૦૧૦–૧૧

શ્રી ભૂપેન્દ્રભાઈ છગનલાલ પટેલની તા.૧૮–૨–૧૦ ની અરજીથી શ્રી પરિમલરાય આર. નાયક જેઓ તેમના પિતાશ્રીના મૃત્યુ બાદ આશ્રિત તરીકે નોકરી સુરત મહાનગરપાલિકામાં મળેલ હતી તે અંગે તેમના કયા વર્ષમાં અને કયા કારણસર નોકરી આપવામાં આવેલ હતી તેની વિગત. તેઓ ઉધનાઝોનમાં નોકરી કરે છે તેમના પિતાની મરણ તારીખ નિરંજન આર. નાયક કર્મ નં.૧૨૨૩૭ લીંબાયતઝોન કયા વર્ષમા કયારે નોકરી લાગી તે અંગેની વિગત આપવા બાબતે ડે.કમિશ્નર (પ અને ઈ) અને મદદનીશ જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ મહેકમના પત્ર નં.જીએડી/ઈએસટી/૪૧૩૧ તા.૨૨–૩–૧૦ થી આપેલ માહિતી ખોટી અને સંતોષકારક મળેલ ન હોવાનું જણાવી પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૮–૪–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૮૧ તા.૧૭–૪–૧૦ થી ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ મહેકમ) તથા અરજદારને મુળ અરજીની નકલ રજૂ કરવા માટે પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી જાવક નં.જીએડી/ઈએસટી/૨૮૧ તા.૨૦–૪–૧૦ થી અત્રેના વિભાગને પૂરક વિગતોમાં નોંધ વિભાગ, સેન્ટ્રલઝોન તરફથી પર્સોનલ ઓફિસર મહેકમને અરજી તબદીલ કર્યા અંગેના પત્ર નં.સ ે.ઝોન/આરટીઆઈ/જાવક/૧૬૩૫ તા.૨૦–૨–૧૦ ના પત્રની નકલ, અરજદારની મુળ અરજીની નકલ, મજકુર કર્મચારીના સેવાકાર્ડના પત્રની નકલ, રેકર્ડ નાશની યાદી તા.૧–૬–૨૦૦૯નું ક્રમાંક નં.૧/૭/૨૦૦૯ આઈઆર ભારત સરકારનું કચેરી યાદીની નકલ, અરજદારને માહિતી માટે ફી ભરવા માટે પાઠવેલ પત્ર નં.જીએડી/ઈએસટી/૪૦૧૬ તા.૧૨–૩'–૧૦ ના પત્રની નકલ અત્રે રજૂ કરેલ છે.

અરજદારની તા.૧૮–૨–૧૦ ની અરજીથી ઉપરોકત વિષયના નિર્દિષ્ટ વિષય બાબતે માહિતી માંગતી અરજી કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.જીએડી/ઈએસટી/૪૦૧૬ તા.૧૨–૩–૧૦ થી " માંગેલ માહિતી અને દસ્તાવેજો માટે પાના નંગ–૧૦ પ્રતિ પાના દીઠ રૂા.૨/– લેખે રૂા.૨૦/– જમા કરવાનું ફરમાવવામાં આવે છે આ કચેરીમાં રકમ જમા કરાવ્યા પછી જરૂરી દસ્તાવેજીની નકલો આપવા અંગેની કાર્યવાહી હાથ ધરવામાં આવશે." તેવી માહિતી આપવામાં આવેલ. જે અરજદારે રસીદ નં.૩૦૮૫૮૭ તા.૨૦–૩–૧૦ ના રોજ માહિતી મેળવવા નાણા ભરપાઈ કર્યાની રસીદ રજૂ કરેલ છે. જે અંગે જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.જીએડી/ઈએસટી/૪૧૩૧ તા.૨૨–૩–૧૦ થી " કચેરીના રેકર્ડ મુજબ શ્રી પરિમલ આર. નાયકને આશ્રિત તરીકે નોકરી આપવા અંગેનો રેકર્ડ નાશ કરવામાં આવ્યો હોવાથી તે સંબધેની વિગતો ઉપલબ્ધ નથી. પરંતુ તેમના સેવાકાળ દર્શાવતું પત્રક આ સાથે સામેલ છે. તેના કારણ સંદર્ભે સરકારશ્રીના નોટીફીકેશન ક્રમાંક ૧/૭/૦૯ /આઈઆરની નકલ સામેલ છે. રણજીતરાય આર. નાયકના અવસાનની તા.૭–૭–૯૬ છે. જયારે નિરજ આર.નાયક( કર્મ નં.૧૨૨૩૭) ની સેવાકાળ દર્શાવતા પત્રકની નકલ સામેલ છે. " તેવી માહિતી જણાવેલ છે. જે બાબતે અરજદારે તા.૮–૪–૧૦ ના રોજ અપીલ અરજી કરી મળેલી માહિતીથી બિલકુલ સંતોષ નથી જેમાં તમે માહિતી આપેલી હતી દરેક કાગળો અને પોટલાઓ ફાઈલો નાશ કરવામાં આવેલ છે જેની હકીકત મને ખોટી લાગે છે. કારણકે કોઈ પણ ફાઈલો કે પોટલાઓનો નાશ કરવા માટે પણ પરિપત્રો અને તેમના નિયમ મુજબ કરવામાં આવે છે માટે આપેલી માહિતી ખોટી છે તેથી સાચી માહિતી આપવા વિનંતી તેવું જણાવી અપીલ અરજી કરેલ છે. જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને પરિમલ આર. નાયકની સેવાકાર્ડ પત્ર કર્મ નં.૩૪૫૫૯ તા.૧ ૦–૯–૯૭ થી કલાર્ક તરીકે સા.ઝોન/આકારણી દર્શાવતું પત્રકની નકલ રજૂ કરેલ છે. તેમજ નિરજકુમાર આર. નાયકની કર્મ નં.૧૨૨૩૭ ની નિમણુંક તા.૨૯–૩–૮૮ ના સેવાકાર્ડની નકલ રજૂ કરેલ છે. જેમાં અરજદારે માંગેલ માહિતી મુજબ નિરંજન આર. નાયક લીંબાયતઝોનમાં કયા વર્ષમાં અને કયારે નોકરી લાગી તે અંગે સેવાકાર્ડમાં તા.૧–૫–૦૪ થી દર્શાવેલ છે તેથી તે અંગે તકરારને કોઈ સ્થાન નથી. જયારે અરજદારે રેકર્ડ નાશ કરવા અંગે અપીલમાં કરેલી રજૂઆત અંગે જાહેર માહિતી અધિકારીએ આપેલ પૂરક માહિતીમાં નાશ નં.૧૪ પોટલા નં.૧૦ મર્હુમ આશ્રિતને નોકરી આપી તેની વિગત હેઠળની યાદીમાં એન્ટ્રી નં.૩૪ પરિમલરાય એસ.ઓ. , રણજીતરાય આર. નાયક સને ૧૯૯૬–૯૭ જણાવેલ છે તથા તે અંગે સ ક્ષમ સત્તાધીશની તા.૧૮–૨–૦૯ ના રોજ મંજુરી મેળવેલ રીપોર્ટની નકલ રજૂ કરેલ છે જે રેકર્ડ વિભાગના નિતિ નિયમો મુજબ નાશ કરવામાં આવેલ છે. તેવું જણાવેલ છે. આરટીઆઈ એકટની કલમ–૨(એફ) અને ૨(જે) હેઠળ માહિતી અને માહિતી અધિકારીની વ્યાખ્યા અન્વયે જાહેર સત્તા મંડળ પાસેથી અથવા નિયંત્રણ હેઠળની દફતરી ઉપલબ્ધ માહિતી પૂરી પાડવાની જોગવાઈ છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ  કરવામાં આવે છે.

અરજદારની તા.૧૮–ર–૧૦ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી દફતરી ઉપલબ્ધ માહિતી પૂરી પડાયેલ  હોય અપીલ અરજી અંગે વિશેષ કંઈ કરવાનું રહેતું જ હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ :      –પ–૧૦

ઈ.ચા. ડે.કમિશ્નર,
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ મહેકમ)....જાણ તથા અમલ માટે
(ર) શ્રી ભૂપેન્દ્રભાઈ છગનલાલ પટેલ